Washington State
Department of Social
& Health Services

*Transforming lives*

# ઇન્ડિવિજ્યુઅલ પ્રોવાઇડર્સ માટે ઓવરટાઇમ અને કાર્ય સપ્તાહ સંબંધી ઝડપી સલાહો

**એક કાર્ય સપ્તાહ છે:**

- રવિવારે સપોરે 12:00 વાગ્યાથી (મધરાતથી) નિવારે રાત્રે 11:59 વાગ્યા સુધી.
- એક કાર્ય સપ્તાહ બે વેતન ચૂકવણી અવધિઓમાં હોઈ શકે છે.
- એ કાર્ય સપ્તાહ બે મહિનાઓમાં હોઈ શકે છે.

| Sunday | Monday | Tuesday | Wednesday | Thursday | Friday | Saturday | |
|---|---|---|---|---|---|---|---|
| 15: 6 | July 16: 6 | 17: 6 | 18: 6 | 19: 6 | 20: 5 | 21: 5 | = 40 |
| THIS WEEK CROSSES 2 PAY PERIODS | | | | | | | |
| 22: 5 | 23: 5 | 24: 6 | 25: 6 | 26: 6 | 27: 6 | 28: 6 | = 40 |
| July 29: 5 | 30: 5 | 31: 6 | Aug 1: 6 | 2: 6 | 3: 6 | 4: 6 | = 40 |
| THIS WEEK CROSSES 2 MONTHS AND 2 PAY PERIODS | | | | | | | |

**આના માટે તમારી કાર્ય સપ્તાહ મર્યાદાથી વધુ સમય માટે કામ કરવા માટે તમારા વિરુદ્ધ કૉન્ટ્રાક્ટ એક્શન લેવામાં આવશે નહીં:**

- જરૂરી DSHS તાલીમ
- આવનજાવન માટેનો સ્વીકૃત સમય
- પ્રશાસકીય સમય
- પેઇડ ટાઇમ ઑફ અથવા સવેતન રજાઓ (PTO)

**હું કૉન્ટ્રાક્ટ એક્શન થવાથી બચી કેવી રીતે શકું?**

- કાર્ય સપ્તાહ શરૂ થાય તે પહેલા હંમેશા તમારા કામની સમયસારણીનું આયોજન કરો અને તે લખી લો.
- જો ક્લાયંટની જરૂરિયાતો બદલાય અને તમારે જુદી સમયસારણી પ્રમાણે કામ કરવુ પડે, જે તમારી કાર્ય સપ્તાહ મર્યાદાને પ્રભાવિત કરે તો તરત જ ક્લાયંટના કેસ મેનેજરનો સંપર્ક સાધો.
- તમારા કાર્ય સમયને દરેક કાર્ય દિવસ પૂરો થાય એટલે તમારી ટાઈમશીટ પર રેકૉર્ડ કરો, એને કાગળના કેલેન્ડર પર નોંધવાથી મદદ મળી શકે. વારંવાર તપાસતા રહો કે તમે તમારી કાર્ય સપ્તાહ મર્યાદામાં રહો છો.
- DSHS પાસે તમને અને તમારા ક્લાયંટ/નિયોક્તાને તમારા સમયને તમારી કાર્ય સપ્તાહ મર્યાદામાં રહે તે રીતે ગોઠવવામાં મદદ કરવા માટેના સંસાધનો ઉપલબ્ધ છે. આ સંસાધનો અહીં ઉપલબ્ધ છે www.dshs.wa.gov/altsa/IPOT.

**કૉન્ટ્રાક્ટ એક્શન મારી કૉન્ટ્રાક્ટ ફાઇલમાં કેટલો સમય રહેશે?**

- દરેક કૉન્ટ્રાક્ટ એક્શન કૉન્ટ્રાક્ટ એક્શન નોટિસની તારીખથી 12 મહિના સુધી તમારી ફાઇલમાં રહેશે. 12 મહીના પછી કૉન્ટ્રાક્ટ એક્શન બંધ કરવામાં આવે છે.

**કૉન્ટ્રાક્ટ એક્શનમાં અથવા તમને મળેલ કાગળમાં નિર્દિષ્ટ મહિનો ચૂકવણી થયાનો મહિનો છે:**

- જો પત્રમાં એવું લખેલું હોય "એપ્રિલ મહિનામાં ચૂકવણી કરાયેલ કલાકો માટે," તો કલાકોમાં આગલા મહિના (માર્ચ)માં કામ કરેલ કલાકોનો સમાવેશ થઈ શકે છે.
- જો તમને તમે જેમાં વધારાનો ક્લેઇમ કર્યો છે તે મહિના બાબતે કોઈ સવાલો હોય, તો કેસ મેનેજરનો સંપર્ક કરો.